# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-09-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યમાં નવા 17 તાલુકાઓની રચનાને રાજ્ય મંત્રીમંડળની મંજૂરી.
2. ભારતે અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવના આયોજન માટે પ્રસ્તાવ રજૂ કર્યો.
3. રાજ્યમાં 10 લાખ કિશોરીઓને ‘પૂર્ણા યોજનાનો લાભ અપાયો
4. રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહીવત - 3 દિવસ બાદ વરસાદની આગાહી
5. એશિયા કપ T-20 ક્રિકેટમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે દુબઈમાં મુકાબલો

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# CABINET - 17 new Talukas

રાજ્યમાં નવા 17 તાલુકાઓની જાહેરાત કરવામાં આવી છે. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં મળેલી મંત્રીમંડળની બેઠકમાં બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના ૨૧ તાલુકામાંથી નવા 17 તાલુકાની રચના કરવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે રાજ્યમાં તાલુકાઓની સંખ્યા હવે 265 થશે. આ અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું, મુખ્યમંત્રી ગ્રામોત્થાન યોજનાનો લાભ મળતા નવા બનનારા તાલુકા મથકોનો શહેરી ઢબે વિકાસ થઈ શકશે.

(બાઇટ : ઋષિકેશ પટેલ - પ્રવક્તા મંત્રી)

-------------

# COMMONWEALTH GAMES

ભારતે રાષ્ટ્રમંડળ રમતોની મૂલ્યાંકન સમિતિ સમક્ષ અમદાવાદમાં 2030 રાષ્ટ્રમંડળ રમતોત્સવનું આયોજન કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. ભારતીય ઓલિમ્પિક એસોસિએશનના સભ્યો અને રાજ્ય તથા કેન્દ્ર સરકારના અધિકારીઓનો સમાવેશ કરતી અધિકારીઓની ભારતીય ટીમ દ્વારા આ પ્રસ્તાવ રજૂ કરાયો. જેનું નેતૃત્વ રાજ્યના રમતગમત મંત્રી હર્ષ

સંઘવી અને ભારતીય રાષ્ટ્રમંડળ રમતો મહામંડળના પ્રમુખ પીટી ઉષાએ કર્યું.

રાષ્ટ્રમંડળ રમતોના 100 વર્ષ પૂર્ણ થવાને કારણે 2030ની આવૃત્તિ ઐતિહાસિક મહત્વ ધરાવે છે. ભારત આ શતાબ્દી આવૃત્તિ માટે અમદાવાદને યજમાન શહેર તરીકે જાહેર કર્યું છે. આ પ્રસંગે, શ્રી સંઘવીએ જણાવ્યું હતું કે, "શતાબ્દી કોમનવેલ્થ ગેમ્સનું આયોજન ફક્ત ગુજરાત માટે જ નહીં પરંતુ ભારત માટે પણ એક ગર્વની સીમાચિહ્નરૂપ રહેશે.

-------------

# PURNA YOJANA

રાજ્યમાં 10 લાખ કિશોરીઓને કુપોષણ નિવારણ અને પોષણયુક્ત એનિમિયામાં ઘટાડા અંગેની ‘પૂર્ણા યોજનાનો લાભ અપાયો છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ દર મહિનાના ચોથા મંગળવારે"પૂર્ણા દિવસ" હેઠળ કિશોરીઓને ટેક હોમ રાશનના ચાર પેકેટ, આયર્ન ફોલિક એસિડ, કૃમિનાશકની ગોળીઓ અપાય છે. દર ત્રણ મહિને હિમોગ્લોબીનના સ્તરની ચકાસણી પણ કરાય છે. આ યોજના માત્ર કિશોરીઓની પોષણની ઉણપને દૂર કરવા પૂરતી સીમિત નથી આ યોજના કિશોરીઓને જીવનના પડકારોનો સામનો કરવા માટે પણ સશક્ત બનાવે છે. આ યોજના અંતર્ગત 16 થી 18 વર્ષની શાળાએ ન જતી કિશોરીઓને આત્મનિર્ભર બનાવવા માટે વ્યવસાયિક તાલીમ અપાય છે.

-------------

# GST REFORMS REVIEW

કેન્દ્ર સરકારે 22 સપ્ટેમ્બરથી આગામી પેઢીના વસ્તુ અને સેવા કર GST સુધારાનો અમલ કર્યો છે. જેને નાગરિકો તરફથી બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. GST સુધારાના અમલીકરણ અંગે, વડોદરાના એક ગ્રાહકે પ્રતિભાવ આપ્યો.

(બાઇટ : CUSTOMER)

-------------

# ESIC - કર્મચારી રાજ્ય વીમા નિગમ

કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC) યોજના અંતર્ગત 1 જુલાઈથી 31 ડિસેમ્બર 2025 સુધીમાં, નોકરીદાતાઓને એક ખાસ તક આપવામાં આવી છે જેમાં તેઓ તેમના કારખાનાઓ, સંસ્થાઓ અને બધા પાત્ર કર્મચારીઓને, કોઈપણ અગાઉના સમયગાળા માટે બાકી યોગદાન, દંડ અથવા કાનૂની કાર્યવાહીની માંગ વિના નોંધણી કરાવી શકે છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય ESI કાયદા હેઠળ સામાજિક સુરક્ષા કવરેજનો વિસ્તાર કરવાનો છે. પ્રાદેશિક નિયામક હેમંત કુમાર પાંડેએ જણાવ્યું કે અત્યાર સુધીમાં 1 લાખ, 20 હજારથી વધુ નોકરીદાતાઓએ આ યોજના હેઠળ ESIC સાથે નોંધણી કરાવી છે.

(બાઈટ -હેમંત કુમાર પાંડે ESIC)

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# NAVRATRI

# GARBA MUSIC

ભક્તિ અને આરાધનાના પાવન પર્વ શારદીય નવરાત્રિના ત્રીજા દિવસે માઁ દુર્ગાના ચંદ્રઘંટા સ્વરૂપની પૂજા-અર્ચના કરાય છે. નવરાત્રિ નિમિત્તે રાજ્યભરના ધાર્મિક સ્થાનોમાં ભક્તોની ભીડ ઉમટી રહી છે. સાથે જ ભક્તો પણ ગરબે ઝૂમીને માતાજીની આરાધનામાં મગ્ન બન્યાં છે. મહેસાણાના સુપ્રસિદ્ધ બહુચરાજી મંદિરમાં પણ શ્રદ્ધાળુ ભક્તિમય બન્યા છે. સાંભળીએ એક અહેવાલ,...

(વોઇસ કાસ્ટ : જયંતિ ચૌધરી)

-------------

# WEATHER FORECAST

આગામી 3 દિવસ રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહીવત છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 30 સપ્ટેમ્બર સુધી રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જેમાં 27 થી 30 સપ્ટેમ્બર દરમિયાન ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. જ્યારે સૌરાષ્ટ્રમાં 30 સપ્ટેમ્બરે ભારે વરસાદની શક્યતા હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઇટ : રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક)

-------------

# ASIA CUP-IND-BANG

એશિયા કપ T-20 ક્રિકેટમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આજે સાંજે દુબઈમાં મેચ રમાશે. રાત્રે 8 વાગ્યે શરૂ થનાર આ મુકાબલાની વિજેતા ટીમ ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કરશે. બંને ટીમોએ સુપર 4 સ્ટેજની પોતાની પહેલી મેચ જીતી છે. ભારતે ટુર્નામેન્ટમાં બીજી વખત પાકિસ્તાનને હરાવ્યું હતું જ્યારે બાંગ્લાદેશે શ્રીલંકાને હરાવ્યું હતું.

-------------

# Svacchata hi seva

દેશમાં સ્વચ્છ ભારત મિશનના 11 વર્ષની ઉજવણીના ભાગરૂપે "સ્વચ્છોત્સવ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે છોટાઉદેપુર જિલ્લામાં સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત પૌરાણિક અને ઐતિહાસિક ધાર્મિક સ્થળો તેમજ સિંચાઈ તળાવો પર સફાઈ કરવામાં આવી હતી. પાટણમાં વોકાથોન સ્વચ્છતા રેલીનું આયોજન કરાયું, જેમાં 300થી વધુ ખેલાડીઓએ ભાગ લઈ સ્વચ્છતાનો સંદેશ આપ્યો.

સુરેન્દ્રનગરના ધરમ તળાવ ખાતે "સ્વચ્છતા હી સેવા-2025" અભિયાન અંતર્ગત 10માં રાષ્ટ્રીય આયુર્વેદ દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો. જેમાં અરડુસી, સરગવો, લીંબડો, તુલસી, આંબલી સહિતના 75 જેટલા ઔષધિય છોડનું રોપણ કરાયું..

કચ્છ જિલ્લાના માંડવી, અંજાર, નખત્રાણા, ભુજ સહિતના શહેરોમાં તેમજ ગ્રામ પંચાયતો, સરકારી વિભાગો, આરોગ્ય કેન્દ્ર સહિતના વિસ્તારોમાં સફાઇ કરવામાં આવી.

સાબરકાંઠાના હીમતનગર ખાતે સામૂહિક સ્વચ્છતા સંકુલ તથા આજુબાજુ સફાઈ કરાઇ.

ગીર સોમનાથમાં વિવિધ થીમ આધારીત સ્વચ્છતા ઝુંબેશ યોજાઇ રહી છે ત્યારે એસ ટી ડેપો ખાતે સ્વચ્છતા એજ સારી ટેવ થીમ પર નાટક યોજી સૂકો ભીનો કચરો અલગ રાખવાની રીત સમજાવાઈ.

-----------

# Porbandar-Muzaffarpur train

પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ ટ્રેનના માર્ગમાં આવતીકાલથી ફેરફાર કરવામાં આવ્યો છે.

ગોરખપુર વિસ્તારમાં રેલવે સંપર્કને વધુ મજબૂત બનાવવા, ગોરખપુર–ડોમિનગઢ વચ્ચે 4 કિ.મી. નવી તૃતીય લાઇન અને ગોરખપુર–નખહા જંગલ વચ્ચે 5 કિ.મી.ના ડબલિંગ કાર્યને કારણે ટ્રેન નંબર 19269 પોરબંદર–મુઝફ્ફરપુર એક્સપ્રેસ બદલાયેલા માર્ગથી દોડશે.

આ માર્ગ ફેરફારના કારણે આ ટ્રેન ગોંડા, ગોરખપુર, સિસવા બજાર, બગહા, નરકટિયાગંજ, બેતિયા, સાંગલી, બાપુધામ મોતીહારી અને ચકિયા સ્ટેશનો પર ઊભી નહીં રહે. વધુ માહિતી વેબસાઇટ www.enquiry.indianrail.gov.in પર જોઈ શકાશે.

-------------

# PAVAGADH- AUSHAD DRIVE

નવરાત્રિમાં, શ્રદ્ધાળુઓના સ્વાસ્થ્ય અને સલામતીને સુનિશ્ચિત કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, પંચમહાલ દ્વારા પાવાગઢ ખાતે ડુંગર પર આવેલી વિવિધ દુકાનો અને ફૂડ સ્ટોલનું સઘન નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

આ ડ્રાઇવ દરમિયાન વેપારીઓને સ્વચ્છતા અને ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન કરવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિરીક્ષણ દરમિયાન એક્સપાયર થઈ ગયેલા નાસ્તાના ૧૦ પેકેટ અને ૩૦૦

મિલીની ૧૧ બોટલ મળી આવી હતી. આ તમામ સામગ્રીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો.

-------------

# DANG SCHOOL

ડાંગ જિલ્લાના આહવા ખાતેની દીપ દર્શન માધ્યમિક શાળામાં આજે બાળ વૈજ્ઞાનિક ગણિત વિજ્ઞાન પર્યાવરણ પ્રદર્શન યોજાયું, જેમાં જિલ્લાની 71 માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓએ ભાગ લીધો હતો. આ પ્રદર્શનમાં બાળ વૈજ્ઞાનિક દ્વારા "વિકસિત ભારત અને આત્મનિર્ભર ભારત" માટે સ્ટેમ વિષય આધારિત પાંચ વિભાગોમાં કુલ 103 કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

-------------

# BHAVNAGAR YOG AWARD

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા ડો. રિદ્ધિ માંડલિયાને શ્રેષ્ઠ યોગ કોઓર્ડિનેટર પુરસ્કાર એનાયત કરાયો. સુશ્રી માંડલિયા સતત પાંચ વર્ષથી ભાવનગર જિલ્લાને યોગમય બનાવવા માટે સતત પ્રયત્નો કર્યા છે આ ઉપરાંત વધુમાં વધુ લોકો યોગ પ્રત્યે જાગૃત થાય તે માટે યોગ સંવાદો, યોગ શિબિરોનું આયોજન પણ કર્યું છે. આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાં

પણ તેઓએ યોગ,આહાર આધ્યાત્મ, આરોગ્ય, કુદરતી ઉપચાર જેવા વિષયો પર માર્ગદર્શન આપીને લોકોને સ્વસ્થ જીવનની પ્રેરણા આપી છે.

. . . . . . . . . . .

## RAJKOT BIOTECHNOLOGY CONCLAVE

બાયોટેકનોલોજી ક્ષેત્રે ઊભરતી તકો અને ભવિષ્યની સંભાવનાઓ અંગે રાજકોટમાં 26મી સપ્ટેમ્બરે બાયોટેક કોન્કલેવ યોજાશે, જેમાં વિવિધ ઉદ્યોગકારો, શિક્ષણવિદો સહિતના લોકો બાયોટેક ક્ષેત્રના વ્યાપ અંગે મંથન કરશે. આ અંગે વધુ માહિતી આપતા ગુજરાત સ્ટેટ બાયોટેક્નોલૉજી મિશનના નિયામક દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યુ, આ કોન્કલેવમાં ગુજરાત બાયોટેકનોલોજી નીતિ 2022-27, સંશોધન સહાય યોજના તેમજ તાલીમ કાર્યક્રમો સહિત બાયોટેકનોલોજી ક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાયેલી વિવિધ યોજનાઓ અંગે વિદ્યાર્થીઓ, સંશોધકો તેમજ ઉદ્યોગ સાહસિકો સાથે ચર્ચા કરી માર્ગદર્શન અપાશે.

. . . . . . . . . . .

## SOMNATH INITIATIVE

સોમનાથ મહાદેવને અર્પણ થતાં પીતાંબર હવે માત્ર આસ્થાનું પ્રતીક નથી, પરંતુ ગ્રામીણ મહિલાઓના આર્થિક સ્વાવલંબનનું માધ્યમ બન્યાં છે. ગ્રામીણ મહિલાઓ હવે મહાદેવને અર્પણ કરાયેલા પીતાંબરને ખૂબ જ કલાત્મકતાથી ભવ્ય વસ્ત્ર પ્રસાદના રૂપમાં પરિવર્તિત કરી રહી છે; શ્રી સોમનાથ ટ્રસ્ટની પહેલ અંતર્ગત, આ પવિત્ર વસ્ત્રોમાંથી કલાત્મક અને આકર્ષક કુર્તા તૈયાર કરવામાં આવી રહ્યા છે, જે ન માત્ર દેશ-વિદેશના ભક્તો સુધી મહાદેવના પ્રસાદ બનીને પહોંચશે, પરંતુ સોમનાથની આસપાસના ગામોની મહિલાઓને 'લખપતિ દીદી' બનાવવાનો માર્ગ પણ પ્રશસ્ત કરશે.

------------